eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 103**
**May 25, 2007**

## પૂર્વઝોન (વરાછા) ખાતે હાઈટેન્સન નીચે આવેલ ગેરકાયદેસર બાંધકામો હટાવાયા



આજે રોજ પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) વિસ્તારમાં આવેલ ભગીરથ સોસાયટી, પરીમલ સોસાયટી, ભરતનગર, પાસે થી પસાર તથી વીજળીની હાઈટેન્સન લાઈન નીચેના પ્રતિબંધિત છે. જેનો રહેણાંકના ચાર માળના મકાન, એપાર્ટમેન્ટ, શોપીંગ સેન્ટર, શાળાઓ, ગૌશાળા અને સ્વામીનારનયણ સંપ્રદાયની ઘનશ્યામ મહારાજની વાડી તથા હનુમાન મંદિરના પરિસરની દુકાનો, ભાડાની રૂમો સહિતના કોમર્શીયલ હેતુ માટેના બાંધકામ મળી કુલ ૯૮ જેટલી નાની મોટી અસરમાં આવતી મિલ્કતોની ડીમોલીશનની કામગીરી મહદઅંશે પૂર્ણતાએ આરે છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## નોર્થઝોન (કતારગામ) ખાતે યોજાયેલડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની મીટીંગ

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અંતર્ગત ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની એક મીટીંગ નોર્થ ઝોન (કતારગામ) ખાતે તા.૧/૦૫/૦૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ જેમાં કતારગામ ઝોન વિસ્તારમાં મ્યુ.સભ્યોશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ મીટીંગમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગે કતારગામ ઝોન તરફથી કરવામાં આવેલ આયોજન અથવા લેવા જોગ પગલાં અંગે પેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ઝોનમાં ઉપલબ્ધ સાધન સામગ્રી, ઉપલબ્ધ સુવિધાઓ, નીચાણવાળા વિસ્તારો કે જયાં ચોમાસા દરમ્યાન પાણી ભરાય છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

## પશ્ચિમ ઝોન (રાંદેર), ખાતેડ્રેનેજ વિભાગના ડ્રેનેજ નેટવર્કમાં વચ્ચે આવતા ઝુંપડાઓ દુર કરવામાં આવ્યા

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં હાઈડ્રોલીક ખાતા મારફત પાણી પુરવઠાની નળીકા નાંખવાની કામગીરીમાં તથા ડ્રેનેજ વિભાગના ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરીમાં આવતા ૧૦ ઝુંપડા તથા જહાંગીરપુરા જીનની બાજુમાં વરીયાવ રોડ ઉપર ૩૬ મી.ના ટી.પી.રસ્તામાં અસરગ્રસ્ત ૧૦ ઝુંપડા મળી કુલ–૨૦ ઝુંપડાઓ નડતરરૂપ હતા. આ ઝુંપડાવાસીઓ સાથે રૂબરૂ ચર્ચા વિચારણા કરી સ્થળ ઉપર સમજ આપી શીફટીંગ માટે તેઓની સહકતી મેળવેલ. આ ઝુંપડા પૈકી જે ઝુંપડાઓ પુરેપુરાં કપાતમાં જતા હતા તેઓને જહાંગીરાબાદ "સાઈટ એન્ડ સર્વિસબેચ ૮" ખાતે વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવેલ છે.

**વધુ માટે કલીક કરો >>>>>>**

# પૂર્વઝોન (વરાછા) ખાતે હાઈટેન્સન નીચે આવેલ ગેરકાયદેસર બાંધકામો હટાવાયા

**(અ) પૂર્વઝોન (વરાછા) ટી.પી. ૩ માં હાઈટેન્શન લાઈન નીચે આવેલ ગેરકાયદેસરના બાંધકામના ડીમોલીશન બાબત.**

આજે રોજ પૂર્વઝોન (વરાછા) ટી.પી.સ્કીમ નં.૩ (કરંજ) વિસ્તારમાં આવેલ ભગીરથ સોસાયટી, પરીમલ સોસાયટી, ભરતનગર, પાસે થી પસાર તથી વીજળીની હાઈટેન્સન લાઈન નીચેના પ્રતિબંધિત છે. જેનો રહેણાંકના ચાર માળના મકાન, એપાર્ટમેન્ટ, શોપીંગ સેન્ટર, શાળાઓ, ગૌશાળા અને સ્વામીનારનયણ સંપ્રદાયની ઘનશ્યામ મહારાજની વાડી તથા હનુમાન મંદિરના પરિસરની દુકાનો, ભાડાની રૂમો સહિતના કોમર્શીયલ હેતુ માટેના બાંધકામ મળી કુલ ૯૮ જેટલી નાની મોટી અસરમાં આવતી મિલ્કતોની ડીમોલીશનની કામગીરી મહદઅંશે પૂર્ણતાએ આરે છે.



ભગીરથ નગર સોસા.–૨ માં આવેલ એચ.ટી.લાઈનના પ્રતિબંધિત વિસ્તારમાં તાણી બાંધેલી સત્સંગી વિધાલયના સંચાલક દ્વારા ગેરકાયદેસર મિલ્કતની ડીમોલીશનની કામગીરી વારંવાર સ્થગીત કરાવી સુરત મહાનગર સેવા સદનના લોકોપયોગી કાર્યના અભ્યાનનાં રૂકાવટ કરવાના સ્વાર્થી પ્રયત્નો કરેલ જેને કારણે સ્થાનિક લોકોમાં રોષની લાગણી પેદા થવા પામેલ. આ તમામ પરિસ્થિતિને ધ્યાને લઈ સુરત મહાનગર સેવા સદન દ્વારા સંચાલકોની તમામ વિરોભી પ્રવૃતિઓને અવગણીને ડીમોલીશન પ્રક્રિયા આગળ વભારવામાં આવી હતી. સત્સંગી વિધાલયના ચોથા માળના – ૩ (ત્રણ), ૨ (બે), પહેલાં અને બીજા માળના – ૧ (એક) એમ કુલ એમ કુલ સાત કલાસ રૂમનું આશરે ૨૫૦૦ ચો.ફુટનું આર.સી.સી. બાંધકામ જમીનદોસ્ત કરવામાં આવેલ છે. આમ થવાની લાભેશ્વર મેઈન રોડ થી પરિમલ સોસાયટી ડ્રેનેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધીના આશરે ૧ કિ.મી.ની લંબાઈ અને ૪૦ ફુટ પહોળાઈના એચ.ટી. લાઈન નીચેના પ્રતિબંધિત વિસ્તારને સંપન્ન કરી ટુંક સમયમાં ખુલ્લો કરી દેવામાં આવશે.

**(બ) પૂર્વઝોન (વરાછા) ટી.પી.૩માં રસ્તાનું દબાણ દુર કરવા બાબત.**



ટી.પી.૧૫ માં આવેલ હાઈટેન્સન રોડ પર ભકિતનગર શાકમાર્કટ સામે દબાણ કરતા ઈસમોની કુલ ખુલ્લી લારી–૨૭ (સત્યાવીસ) તેમજ થી વ્હીલ છકડો – ૧ (એક) જમા લેવામાં આવેલ છે. તેમજ આ રોડ પર દુકાનદારો દ્વારા દુકાનનો માલ સામાન બહાર મુકી વેચાણ કરી ડબાણ કરતાં તથા ત્રણ દુકાનોના ફુટપાથ તેમજ ઓટલા દુર કરી ૧ – મઝદા ટ્રક લૂઝ સામાન જમા લેવામાં આવેલ છે.

તા.૧૯/૦૫/૦૫ ના રોજ ટી.પી.૪ પટેલનગર વિકાસમા વિસામા પાસે આવેલ ભરતીયા વાડી વિસ્તારમાંથી ૨૪ લારી ગલ્લાઓનું દબાણ દુર કરવામાં આવેલ છે.

તથા આ રોજ સરદાર માર્કેટ વિસ્તારમાં આર.સી.સી.રોડ પર ઉભા રહી ફ્રુટનું વેચાણ કરતા કુલ ૧૪ લારી ગલ્લાઓ ઉપાડી લઈ જપ્ત કરવામાં આવેલ છે.

**(ક) પૂર્વઝોન (વરાછા)ના કાપોદ્રા વિસ્તારમાં દુકાનોને સીલ કરવા બાબત**

આજ રોજ પૂર્વઝોન (વરાછા) ના કાપોદ્રા વિસ્તારમાં ઝોનલ ચીફશ્રી તથા નાયબ આરોગ્ય અધિકારીશ્રી ના સીધા માર્ગદર્શન હેઠણ (૧)સાગર રેસ્ટોરેન્ટ તથા (૨)મેગડોલ્ડ રેસ્ટોરેન્ટને આરોગ્યની ખામીઓ બાબતે સીલ કરવામાં આવેલ છે. તેમજ આરોગ્યની શરતોનું પાલન કરવા અંગે કડક ચેતવણી આપવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન (કતારગામ) ખાતે યોજાયેલડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની મીટીંગ

ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અંતર્ગત ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંગેની એક મીટીંગ નોર્થ ઝોન (કતારગામ) ખાતે તા.૧/૦૫/૦૭ ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે રાખવામાં આવેલ જેમાં કતારગામ ઝોન વિસ્તારમાં મ્યુ.સભ્યોશ્રીઓ તથા અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. આ મીટીંગમાં ડીઝાસ્ટરમેનેજમેન્ટ અંગે કતારગામ ઝોન તરફથી કરવામાં આવેલ આયોજન અથવા લેવા જોગ પગલાં અંગે પેઝન્ટેશન રાખવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે ઝોનમાં ઉપલબ્ધ સાધન સામગ્રી, ઉપલબ્ધ સુવિધાઓ, નીચાણવાળા વિસ્તારો કે જયાં ચોમાસા દરમ્યાન પાણી ભરાય છે. તેની વિગતો રીલીફ સેન્ટરો આપત્તિના સમયે ઉપયોગી થનાર સ્વચ્છીક સંસ્થાઓ વિગેરેની માહિતી આવરી લેવામાં આવેલ હતી.

તથા કતારગામ ઝોન દ્વારા પ્રિમોન્સુન અંગે થયેલ કામગીરી જેવી કે ખાડી સફાઈ, જાળીયા સફાઈ, વરસાદી ગટરની સફાઈ વિગેરેની માહિતી આવરી લેવામાં આવી હતી.

આ મીટીંગ દરમ્યાન હાજર રહેલ મ્યુ.સભ્યશ્રીઓ તફથી જરૂરી સૂચનો પણ કરવામાં આવ્યા હતા. ચોમાસા દરમ્યાન પૂર–આપત્તિ આવે તો ઉપલબ્ધ સાધનોનો મહત્તમ ઉપયોગ કરી શકાય તે રીતનું આયોજન કરવામાં આવ્યું હતું. આવું પેઝન્ટેશન યોજવા માટે હાજર રહેલ કોર્પોરેટરશ્રીઓ સારો એવા પ્રતિસાદ કરેલ હતો.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર), ખાતેડ્રેનેજ વિભાગના ડ્રેનેજ નેટવર્કમાં વચ્ચે આવતા ઝુંપડાઓ દુર કરવામાં આવ્યા

સુરત મહાનગર સેવા સદનના પશ્ચિમ ઝોન (રાંદેર) વિસ્તારમાં હાઈડ્રોલીક ખાતા મારફત પાણી પુરવઠાની નળીકા નાંખવાની કામગીરીમાં તથા ડ્રેનેજ વિભાગના ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરીમાં આવતા ૧૦ ઝુંપડા તથા જહાંગીરપુરા જીનની બાજુમાં વરીયાવ રોડ ઉપર ૩૬ મી.ના ટી.પી.રસ્તામાં અસરગ્રસ્ત ૧૦ ઝુંપડા મળી કુલ–૨૦ ઝુંપડાઓ નડતરરૂપ હતા. આ ઝુંપડાવાસીઓ સાથે રૂબરૂ ચર્ચા વિચારણા કરી સ્થળ ઉપર સમજ આપી શીફટીંગ માટે તેઓની સહકતી મેળવેલ. આ ઝુંપડા પૈકી જે ઝુંપડાઓ પુરેપુરાં કપાતમાં જતા હતા તેઓને જહાંગીરાબાદ ''સાઈટ એન્ડ સર્વિસબેચ ૮'' ખાતે વૈકલ્પિક જગ્યા ફાળવવામાં આવેલ છે. આ ઝુંપડાઓ આજરોજ તા.૨૧/૦૫/૦૭ ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) ના શહેર વિકાસ અને દબાણ સ્ટાફ મારફત દુર કરવામાં આવેલ છે.

ઉપરોમત દબાણ દુર થવાથી પાણીનાં નેટવર્ક નાંખવાની કામગીરી તથા ડ્રેનેજ નેટવર્ક નાંખવાની કામગીરી સરળતાથી થઈ શકશે તથા ત્યારબાદ આ રસ્તાને વાઈડનીંગની કામગીરી હાથ ધષ્રવામાં આવશે.જેના લાભ જાહેર જતાને થશે.

ઉપરોકત કામગીરી રાંદેર ઝોનના ઝોનલ ચીફશ્રીની સૂચનાથી અને કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠણ ઝોનના શહેરવિકાસ અને દબાણ વિભાગના સ્ટાફ મારફપ શાંતિપૂર્ણ રીતે સંપન્ન કરેલ છે.

TOP